# ધ્યાન

## NJFAMILYCARE સભ્યો

**રિન્યૂઅલને લગતા કૌભાંડો બાબતે સાવધ રહો.** અન્ય રાજ્યોમાંથી અહેવાલ આવી રહ્યા છે કે, સભ્યોને એવા ગેરકાદેસર સંદેશા મળ્યા છે જે તેમની Medicaid એજન્સીમાંથી મોકલાયા હોવાનો દાવો કરાય છે. કૌભાંડ કરનારા ફોન, ટેક્સ્ટ અથવા ઇમેઇલ મારફતે કાયદેસરની સંસ્થા અથવા સરકારી સંસ્થામાંથી હોવાનો ઢોંગ કરી શકે છે – જોકે તેમનો ઉદ્દેશ તમારી પાસેથી ચોરી કરવાનો હોય છે.

NJ ફેમિલીકેર અને તેની આરોગ્ય યોજનાઓ તરફથી તેના સભ્યોને ટેક્સ્ટ સંદેશા મોકલાય છે, પરંતુ નીચેની બાબતો વિશેના સંદેશા ***ક્યારેય નહીં*** મોકલાય:

**નોંધણી કે પુનઃનોંધણી કરવા માટે કોઈ વ્યક્તિ પાસેથી નાણાં વસૂલવા કે માંગવા.**

**કાનૂની પગલાં લેવાની કે તમારા બેંક એકાઉન્ટનો કબજો લેવાની ધમકી આપવી.**

**ગિફ્ટ કાર્ડ, પ્રીપેડ ડેબિટ કાર્ડ, ઇન્ટરનેટ ચલણ અથવા મેઇલ્ડ કેશ દ્વારા ચુકવણી માંગવી.**

**વ્યક્તિગત માહિતી આપવા કોઈ પર દબાણ લાવવું અથવા ગોપનીય બાબતો માંગવી.**



NJ ફેમિલીકેર, ડિપાર્ટમેન્ટ ઑફ હ્યુમન સર્વિસિઝ, ડિવિઝન ઑફ મેડિકલ આસિસ્ટન્સ એન્ડ હેલ્થ સર્વિસિઝ અથવા તમારા NJ ફેમિલીકેર આરોગ્ય યોજનાના પ્રતિનિધિ હોવાનો દાવો કરનારી કોઈ પણ વ્યક્તિ સાથે બેંકની અથવા ક્રેડિટ કાર્ડની માહિતી શેર કરશો નહીં.

સહાયતા માટે, અમને **1-800-701-0710 (TTY: 711)** પર કૉલ કરતા કે **www.njfamilycare.org** ની મુલાકાત લેતા ખચકાશો નહીં.

**સ્ટેટ ઑફ ન્યુ જર્સી**
ફિલ મર્ફી, ગવર્નર
તાહેશા એલ. વે, લેફ્ટનન્ટ ગવર્નર

HUMAN SERVICES **ડિપાર્ટમેન્ટ ઑફ હ્યુમન સર્વિસિઝ**
સારા એડલમેન, કમિશનર

NJFAMILYCARE

NJFC-ANTIF-GUJARATI-1223